પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 16 ડીસેમ્બર 2016

**મહાત્મા ગાંધી (નવી) શ્રેણી માં રૂ. 500/ ની બેન્કનોટ, અંદર મુકેલા અક્ષર 'E' સાથે , નંબર પેનલ માં 'સ્ટાર' ના નિશાન સાથે જારી કરવી**

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં રૂપિયા 500 ના મૂલ્ય વર્ગ ની, મહાત્મા ગાંધી (નવી) સીરીઝ માં, બંને નંબર પેનલોમાં અંદર મુકેલા અક્ષર 'E' સાથે, ડૉ. ઉર્જિત આર પટેલ, ગવર્નર, ભારતીય રિઝર્વ બેંક ની સહી ધરાવતી અને બેન્કનોટની પાછળ છપામણી નું વર્ષ '2016' અને સ્વચ્છ ભારત લોગો છપાયેલ હોય તેવી બેન્કનોટો જારી કરશે. ઉક્ત બેન્કનોટો માંની કેટલીક નંબર પેનલમાં ઉપસર્ગ અને નંબર વચ્ચે ની જગ્યામાં વધારાનું લક્ષણ * (સ્ટાર) ધરાવતી હશે. આવી નોટો વાળા પેકેટો માં હમેશની જેમ 100 નંગ હશે પરંતુ અનુક્રમ નંબર પ્રમાણે નહી હોય. 'સ્ટાર' નોટો ધરાવતા નોટ પેકેટો ને સહેલાઈથી ઓળખવા માટે આવા પેકેટો પર ના બેન્ડ પેકેટ માં આ નોટો ની હાજરી સ્પષ્ટપણે દર્શાવશે. રૂ. 500 ના મુલ્યવર્ગ માં 'સ્ટાર' બેંક નોટો સૌ પ્રથમવાર ઈસ્યુ કરવામાં આવી રહી છે. રૂ. 10,20,50, અને 100 ના મૂલ્યવર્ગ માં 'સ્ટાર' બેંકનોટ ક્યારનીય પરિભ્રમણ માં છે. 'સ્ટાર' બેંક નોટો ને શરુ કરવાની યોજના અને ઔચિત્ય તારીખ 19 એપ્રિલ 2006 ના પ્રેસ પ્રકાશન સંખ્યા 2005-2006/1337 માં વર્ણવ્યા હતા.

મહાત્મા ગાંધી (નવી) શ્રેણીમાં 08 નવેમ્બર 2016 અને ત્યાર બાદ જારી કરવામાં આવેલ તમામ રૂ. 500 ની બેંક નોટો કાયદેસરના ચલણ તરીકે ચાલુ રહેશે.

અજીત પ્રસાદ

સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન:2016-2017/1549